



## ચ અને ઘ માર્ગ પર વાહનનો ખડકલો સર્જાતા પોલીસ તંત્ર દ્વારા ડાયવર્ઝન આપવામાં આવ્યું

ભારત બંધના એલાનને પગલે ગાંધીનગર જિલ્લા દલિત સેનાના કાર્યકરો તેમજ વિવિધ સામાજીક સંસ્થાના સભ્યો ઘ-૩ સર્કલ ખાતે આવી પહોંચ્યા હતા. અને માર્ગ પર બેસી જતા ચ અને ઘ માર્ગ પર વાહનનો ખડકલો થઈ ગયો હતો. કલાકો સુધી ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. અમદાવાદથી સરકારી કર્મચારીઓને લઈને આવતી બસો તેમજ વિદ્યાર્થીઓના વાહનો સહિત ટ્રાફિકમાં અટવાતા નાગરીકો બુમાબુમ કરતા નજરે પડ્યા હતા. ત્યારે ઘ માર્ગ પર આંદોલનકારીઓને પગલે બંધ કરી દેવાયો હતો. ત્યારબાદ પોલીસ તંત્ર દ્વારા શહેરના ઘ માર્ગ પર ઘ- ૩ સર્કલ પહેલા ૬-૭ બસ સ્ટેન્ડથી, ચ માર્ગ પર ૭-૮ બસ સ્ટેન્ડથી, જયારે ચ-૩ થી ઘ-૩ અને ગ-૩ થી ઘ-૩ તરફ આવતા વાહનોને ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ટ્રાફિકમાં ઘટાડો જોવા મળ્યો હતો. જયારે બસ પણ બસ ડેપોમાંથી નીકળ્યા બાદ સે-૧૧ માંથી પસાર થઈને ઘ-૪ થઈને ઘ માર્ગ જતી હતી અને આવતી બસો પણ તે રૂટ પરથી ડેપોમાં આવતી હતી. જયારે બંધને પગલે મુસાફરો અને વિદ્યાર્થીઓને ભારે અગવડતા પડી હતી. કેટલાક ખાનગી વાહનચાલકોએ મુસાફરોને માર્ગમાં વચ્ચે ઉતારી દેતા ચાલવાનો વારો આવ્યો હતો.



## આંદોલનકારીઓએ શહેરી બસ સેવા-લારી ગલ્લા પણ બંધ કરાવ્યા

ભારત બંધના એલાનને પગલે દલિત આંદોલનકારીઓ માર્ગ પર ઉતરી આવ્યા હતા. ઘ-૩ ચો તરફ આંદોલનકારીઓ ધોમધખતા માર્ગ પર બેસી રહેતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ઘ-૩ તરફ આવતા વાહનોને આંદોલનકારીઓ પાછા વાળતા હતા. જેને પગલે સામાન્ય નાગરીકોમાં પણ રોષ જોવા મળ્યો હતો.તો બીજી તરફ શહેરી બસ સેવા કાર્યરત હોવાથી આંદોલનકારીઓ ત્યાં પહોંચી ગયા હતા અને બસ સેવા બંધ કરવાનું જણાવતા યોગી બસ સર્વિસ દ્વારા બે કલાક માટે બસ સેવાને બંધ કરવામાં આવી હતી. જયારે સર્કલની આસપાસ ઉભી રહેતી ચા-નાસ્તાની લારીઓ તેમજ ગલ્લા સહિત એસટી ડેપોની પાછળના ભાગે પણ પકોડી તેમજ ચાની લારીઓ દલિત આંદોલનકારીઓએ બંધ કરાવી બંધમાં સહયોગ આપવા જણાવતા વેપારીઓએ તાત્કાલીક અસરથી બંધ કરી દીધી હતી.

# દલિતોના બંધના એલાનના પગલે બે કલાક એસ.ટી. બસ સેવા બંધ રહી

### મુસાફરોએ ટીકીટ લીધા બાદ બસમાંથી ઉતારી દેવાયા હોવાની ફરિયાદ : પૈસા પરત ન અપાયા હોવાનો પણ આક્રોશ

ગાંધીનગર તા ૨

અનુસુચિત જાતિ અને જનજાતિના લોકો પર થતા અત્યાચાર ના નિવારણના હેતુ વર્ષ ૧૯૮૯ માં એટ્રોસીટી એકટ અમલમાં મુકવામાં આવી હતી. જયારે થોડા સમય અગાઉ સુપ્રિમ કોર્ટના એક જજની બેન્ચ દ્વારા આ એકટમાં સુધારો કરવાનો ચુકાદો આપતા સમગ્ર દેશમાં અનુસિચિત જાતિ જનજાતિનિ સંસ્થાઓ દ્વારા આજે બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ. જેને અનુલક્ષી આજે દિલ્હી, પંજાબ , રાજસ્થાન સહીતના રાજયોમાં બંધના એલાનની અસર વર્તાઇ હતી. જયારે ગુજરાતમાં પણ બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. અમદાવાદમાં પણ બંધની અસર વર્તાઇ હતી. જયારે ગાંધીનગરમાં પણ ઘ-૩ સ્થિત પથિકાશ્રમ સર્કલ પાસે દલિત આગેવાનોએ ભેગામળીને વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. જયારે આ દરમિયાન એસ ટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે બસ સેવા પણ બંધ રાખવામાં આવી હતી. એસ ટી બસ સેવાને કોઈપણ પ્રકારનુ નુકશાન ન થાય તે માટે એસ ટી તંત્રએ અગમચેતી દાખવી એસ ટી બસ બંધ રાખી હતી. જો કે બપોરે બે કલાક દરમિયાન એસ ટી સેવા બંધ રહેતા ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરો પણ અટવાયા હતા. જયારે કેટલાક ઠેકાણે મુસાફરોએ ટીકીટ લીધી હોવાછતા બસમાંથી ઉતારી દેવાતા એસ ટીના ડ્રાઈવર કંડકટરો અને મુસાફરો વચ્ચે શાબ્દિક ઘર્ષણ થયુ હતુ. ટીકીટ લીધા બાદ બસમાંથી મુસાફરોને ઉતારી દેવાયા હોવાની ફરિયાદ પણ પ્રબળ બની હતી.જયારે ટીકીટના પૈસા પણ પરત ન અપાયા હોવાનો આક્રોશ પણ મુસાફરોએ વ્યકત કર્યો હતો. એસ ટી બસને કોઈપણ પ્રકારનુ નુકશાન ન થાય તે માટે બસો બંધ કરી દેવામાં આવી હતી. બપોરે બે કલાક એસ ટી બસનો વ્યવહાર ખોરવાયા બાદ બસ સેવા શરૂ કરી દેવામાં આવી હોવાની પણ એસ ટી ડેપોના સુત્રોએ જણાંવ્યુ છે.




### એટ્રોસીટી એકટના ચુકાદાના વિરોધમાં

# ગાંધીનગરની આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિએ આવેદનપત્ર પાઠવ્યું

ગાંધીનગર, તા. ૨

સુપ્રિમ કોર્ટના એટ્રોસીટી એકટમાં સુધારો કરવાના ચુકાદાના વિરોધમાં દલિતો દ્વારા દેશ વ્યાપી વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે ત્યારે ગાંધીનગરની ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિએ ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

ભારત સરકાર દ્વારા ભારતમાં વસતા અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના નાગરિકો પર થતા અત્યાચારના નિવારણ માટે એટ્રોસીટી એકટ ૧૯૮૯ અમલમાં મુકવામાં આવ્યો હતો. થોડા દિવસો પહેલા સુપ્રિમ કોર્ટની બેચે આ એટ્રોસીટી એકટમાં સુધારો કરવાનો ચુકાદો આપતા દેશભરમાં દલિતો દ્વારા જોરદાર વિરોધ પ્રદર્શન થઈ રહ્યો છે. આ વિરોધના સમર્થનમાં ગાંધીનગરની ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિએ પણ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ સમિતિના સભ્યોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી દેશના રાષ્ટ્રપતિને આ ચુકાદો રદ કરવા માંગ કરી છે.

# જિલ્લાની ૩૧ શાળાઓના મૂલ્યાંકનમાં અસાધારણ ફેરફાર દેખાતાં તેનો પણ ગુણોત્સવમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની ૩૧ શાળાઓના ગુણોત્સવ મૂલ્યાંકનમાં અસાધારણ ફેરફાર જોવા મળ્યો હોવાથી ગુણોત્સવ-૮માં આ શાળાઓને પણ બાહ્ય મૂલ્યાંકનમાં આવરી લેવામાં આવશે.

જિલ્લાની ૨૨ શાળાઓ એવી હતી જ્યાં અગાઉના સાત ગુણોત્સવમાં એકવાર પણ બાહ્ય મૂલ્યાંકન થયુ નહોતુ. આમ આ વખતના ગુણોત્સવમાં ૫૩ શાળાઓના બાહ્ય મૂલ્યાંકન પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવનાર છે.

જિલ્લામાં સરકારે નિયત કરેલ ૨૦ ટકા શાળાઓ આવરી લેવાના અભિગમમાં તંત્રને છૂટછાટ મુકવાની ફરજ પડી છે. ૨૪ જેટલા પદાધિકારીઓ અને ૫૦ જેટલા જિલ્લાકક્ષાના અધિકારીઓ આ ગુણોત્સવમાં સામેલ થવાના હોવાથી ૭૪ રૂટ બનાવવામાં આવ્યા છે. આમ તો ૧૩૬ શાળાઓમાં પહેલાં બાહ્ય મૂલ્યાંકન થવાનુ હતુ હવે ૧૪૮ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન થશે. આમ ૧૨ શાળામાં વધુ બાહ્ય મલ્યાંકન થશે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંગ તેમજ શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની જિલ્લામાં ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત એક આઈપીએસ અધિકારી જે અમદાવાદ શહેરમાં ફરજ બજાવે છે તેમને પણ ગાંધીનગર જિલ્લામાં મુકવામાં આવ્યા છે.

**ગુણોત્સવ માટે શાળાના સમયમાં ફેરફાર કરાયો : સર્વ શિક્ષા અભિયાન દ્વારા પ્રથમવાર મોનીટરીંગ થશે**

શિક્ષણતંત્રમાં આ વખતના ગુણોત્સવે સૌથી વધુ ચર્ચા જગાવી છે કારણ કે ત્રિદિવસીય બદલે બે દિવસીય ગુણોત્સવ માટે કરાયા છે. આ ઉપરાંત અગાઉ ગુણોત્સવમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સમગ્ર કાર્યક્રમનું મોનીટરીંગ અને ઓએમઆર તૈયાર કરવામાં આવતા હતા.

પ્રથમ વખત સંપૂર્ણ મોનીટરીંગ સર્વે શિક્ષા અભિયાન દ્વારા કરવામાં આવશે. ગેરહાજર રહેનાર વિદ્યાર્થીને પણ બાહ્ય મૂલ્યાંકનમાં ગણત્રીમાં લેવાનો મહત્વનો નિર્ણય શિક્ષણતંત્ર દ્વારા કરવામાં આવતાં અને ડાયલ નંબર આધારિત ઓએમઆર શીટ નિયત કરાતાં તંત્રમાં તેને લઈ વધુ સન્નાટો જોવા મળી રહ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આંતરિક મૂલ્યાંકનમાં પણ શાળા મેનેજમેન્ટ કમિટીના સભ્યોને સાથે રાખી મૂલ્યાંકન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુણોત્સવમાં સેવાકીય

● અનુસંધાન પાના - ૭ પર

# લીફ્ટ માંગીને કારચાલકને બ્લેકમેઈલ કરતી ગેંગ ઝડપાઈ

### બે મહિલા સહિત ત્રણની ધરપકડ : મહિલા લીફ્ટ માંગીને કારચાલકને ઘરે લઈ ગઈ પછી ગેંગ ભેગી થઈ ગઈને કાર ચાલકને છરીની અણીએ નગ્ન કરાવી ફોટા પાડ્યા : ૫૫ હજારનો મુદ્દામાલ લુંટી લીધો પછી ફસાવી દેવાની ધમકી આપી પાંચ લાખ માંગ્યા

ગાંધીનગર, તા. ૨

કલોલ શહેર વિસ્તારમાં રોડ પર ઉભા રહીને લીફટ માંગતી મહિલા ગેંગ દ્વારા એક કારચાલકને ફસાવવામાં આવ્યો હતો. લીફટ માંગીને ઘરે લઈ જઈ કારચાલક સાથે મારઝુડ શરૂ કરી દીધી, ગેંગ ભેગી થઈ ગઈ અને છરીની અણીએ કપડા કઢાવી મહિલા સાથે અશ્લિલ હરકતો બળજબરીપૂર્વક કરાવી ફોટો પાડી લીધા અને રૂ. ૫૫ હજારનો મુદ્દામાલ લુંટી લીધો હતો. ત્યારબાદ ફસાવી દેવાની ધમકી આપી પાંચ લાખની માંગણી કરી બ્લેકમેઈલ કરવાનુ શરૂ કર્યુ હતુ. આ ગેંગને ગણતરીના કલાકોમાં કલોલ શહેર પોલીસે પકડી પાડી બે મહિલાઓ સહિત ત્રણની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.

કલોલ શહેર નજીક રસ્તાની સાઈડમાં બાળકને લઈને એક મહિલા ઉભી હતી. આ મહિલા દયામણા ચહેરે લીફટ માંગી રહી હતી. દરમ્યાન એક અમદાવાદનો કારચાલક રૂષભ શાહ ત્યાંથી પસાર થતાં લીફટ માંગી રહેલી મહિલાને બેસાડી પોતાની કારમાં લીફટ આપી ઘરે મુકવા ગયો હતો. ઘરે બીજી પણ મહિલા હાજર હતી અને કારચાલક ત્યાં પહોંચ્યો તેટલામાં અન્ય ચારેક શખ્સો ત્યાં આવી ગયા હતા. કારચાલકને પટ્ટા મારીને આ ગેંગે છરી બતાવી તેના બળજબરીથી કપડા ઉતારી નગ્ન કરાવી દીધો. કારચાલકને નગ્ન કરી લીફટ માંગનાર મહિલા અને ઘરમાં બેઠેલી મહિલા બંને મહિલાઓની સાથે કારચાલકને નગ્ન અવસ્થામાં બેસાડી દેવાયો અને તે મહિલા સાથે અશ્લીલ હરકતો કરાવવાનું શરૂ કર્યુ હતુ. આ ઘટના ગેંગનો જ એક સાગરીત મોબાઈલમાં કેદ કરી રહ્યો હતો. ફોટો અને વિડિયો ઉતારી કારચાલક પાસેથી રોકડ રૂ. ૧૨,૫૦૦ અને રૂ. ૪૨ હજારની કિંમતના સોનાના બે પેંડલ લુંટી લીધા હતા. ત્યારબાદ આ વિડિયો અને ફોટો ઈન્ટરનેટ ઉપર વાયરલ કરી દેવાની તેમજ બળાત્કારની ખોટી ફરીયાદ આપીને ફસાવી દેવાની ધમકી આપી આ ગેંગે ૫ લાખ રૂપિયાની માંગણી કરી બ્લેકમેઈલ કરવાનુ શરૂ કર્યુ હતુ.



આ મામલે કલોલ શહેર પી.આઈ. નિરજ પટેલને મળેલી ફરીયાદ આધારે ગણતરીના કલાકોમાં તેમની ટીમે સ્થળ પર જઈ ગુનામાં સંડોવાયેલી ગેંગના સુત્રધારો પૈકી બે મહિલા સહિત ત્રણને દબોચી લીધા છે. કલોલ રેલવે પુર્વ વિસ્તારમાં આરસોડીયા ખાતેથી સિદ્ધરાજ સોસાયટીમાં ૭૦૮ નંબરના મકાનમાં રહેતી સોલંકી રમીલા રતીલાલ, કલ્યાણપુરામાં સોમનાથ સોસાયટી વિભાગ-૧માં મકાન નં. ડી-૮ માં રહેતી સજન ભેરૂસીંગ સિસોદીયા અને કલ્યાણપુરાની શીવ રેસીડેન્સીની સામે રહેતો અજય અજીતસિંહ ચાવડા મળી ત્રણની ધરપકડ કરી કલોલ શહેર પીઆઈ નિરજ પટેલે સઘન પુછપરછ શરૂ કરી છે.

# મનપાની સામાન્ય સભા ૪થી એપ્રિલે મળશે

### સફાઈ કામદારોના પરિવારોને રહેમરાહે નોકરી આપવાની બે દરખાસ્તો મંજૂર કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા ૪ એપ્રિલને બુધવારના રોજ ૧૧.૩૦ કલાકે મનપાના સભાખંડમાં મળશે.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં મનપામાં સફાઈ કામ કરતા કામદારોના અવસાન બાદ તેમના વારસદારોને ખાસ કિસ્સામાં રહેમરાહે નોકરી આપવા અંગેની કમિશનરશ્રીની દરખાસ્તને મંજૂરી અપાશે. આ પહેલાં સ્થાયી સમિતિએ તા. ૨જી ફેબ્રુઆરીની બેઠકમાં આ દરખાસ્ત ગ્રાહ્ય રાખી સામાન્યસભાની મંજૂરી માટે રજુ કરવામાં આવી છે.

આ બેઠકમાં અગાઉ સ્થાયી સમિતિની ૧૪મી માર્ચની મંજૂર કરાયેલ દરખાસ્ત કે જે સફાઈ કામદારો આરોગ્ય ચકાસણીમાં અનફીટ થયા છે તેમના વારસદારોને પણ નોકરીમાં સમાવવાની બાબતે ચર્ચા કરી બહાલી આપવામાં આવશે.

મનપાની આ સામાન્ય સભા આમ તો રૂટીન બેઠક બની રહેશે તેમ મનાઈ રહ્યું છે. વિપક્ષ કોંગ્રેસ પણ રજુ થયેલી દરખાસ્તોની તરફેણમાં છે અને તે શહેરમાં સફાઈ અભિયાનનું સઘનીકરણ કરવા માટેનો આગ્રહ કરશે તેમ મનાઈ રહ્યું છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હીટવેવના પગલે સામાન્ય સભાનો સમય ૧૧.૩૦નો કરવામાં આવ્યો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, લો આ કામ પુરું... અને સાંભળો હવામાન ખાતાવાળાએ કામ વગર બહાર નીકળવાની ના પાડી છે... કાલથી નહી આવું...

# અધ્યાપક સહાયક મંડળ દ્વારા પડતર પ્રશ્નો મુદ્દે ડે. સી.એમ. નીતિનભાઈ પટેલને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨

અધ્યાપક સહાયક મંડળ દ્વારા પોતાના પડતર પ્રશ્નો અંગે છેલ્લા ઘણા વર્ષોથી મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપ્યા છે. છતાં હજુ સુધી સરકારીતંત્ર દ્વારા અધ્યાપક સહાયકોના પ્રશ્નનો કોઈ નિવેડો આજદિન સુધી આવ્યો નથી. ત્યારે આજે રાજ્યના ડે. સી.એમ. નિતિનાઈને મળીને સહાયક અધ્યાપક મંડળના સભ્યોએ પોતાની પડતર માંગણીઓ જણાવી હતી અને આવેદનપત્ર પાઠવી સત્વરે યોગ્ય કરવા જણાવ્યુ હતુ.

અધ્યાપક સહાયકોની મુખ્ય માંગણીઓ એ હતી કે ફાજલ તરીકે રક્ષણ આપવુ, શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ ૧૯૯૮થી ૨૦૧૬ દરમિયાન નોકરી મેળવેલા તમામ માધ્યમિક/ ઉ. માધ્યમિક શાળાના શિક્ષકો/કર્મચારીઓને સરકાર દ્વારા ફાજલનું રક્ષણ આપવામાં આવ્યુ છે. રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોના અધ્યાપકોને તેમનો કાર્યભાર ઘટતા અન્ય કોલેજોમાં સમાવવાની જોગવાઈ છે. તે મુજબ અધ્યાપક સહાયકોને પણ ફાજલ તરીકેનું સંપુર્ણ રક્ષણ આપવામાં આવે. ફિક્સ પગારના કર્મચારીઓની સેવામાં સુધારો જાહેર કર્યો છે. (રજા, પિતૃત્વ રજા, અકસ્માત/ મૃત્યુ કિસ્સામાં વીમા કવચ) તે મુજબ અધ્યાપકોને પણ સેવાની શરતોમાં સુધારો કરવો, અધ્યાપક સહાયક તરીકેનો ઉચ્ચક ફિક્સ પગારનો કુલ સમયગાળો કાયમી સેવા સાથે સળંગ ગણવામાં આવે તેમજ સિનીયોરીટી, ઈજાફા, બઢતી, ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવો. પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ થયા બાદ કાયમી નિમણુંક પત્ર આપવા સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે.

# આજે ટાઉનહોલ ખાતે બ્રહ્મ ધારાસભ્યો અને બ્રહ્મ અગ્રણીઓનું સન્માન કરાશે

બ્રહ્મ કર્મ સમન્વય દ્વારા સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ગાંધીનગરના સહયોગથી નવ નિર્વાચિત ધારાસભ્યોઓને તથા બ્રહ્મ સમાજના અગ્રણીઓને સન્માનવાનો કાર્યક્રમ તા.૩ એપ્રિલને મંગળવારના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતે સાંજે ૬ કલાકે રાખવામાં આવેલ છે. તો આ પ્રસંગે સર્વે બ્રહ્મ ભાઈ બહેનો અને મિત્રોને સહ પરિવાર ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

બ્રહ્મ કર્મ સમન્વય અને સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા નવનિર્વાચિત ધારાસભ્યો અને બ્રહ્મ અગ્રણીઓને ટાઉનહોલ ખાતે બુધવારના રોજ સાંજે સન્માનિત કરવામાં આવશે. જેમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, મંત્રી વિભાવરી બહેન દવે, રાજયસભાના સાંસદ અમીબેન યાજ્ઞિક, ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા (સોટ્ટા), ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયા, ખંભાતના ધારાસભ્ય મયૂરભાઈ રાવલ, તળાજાના ધારાસભ્ય કનુભાઈ બારૈયા, જૂનાગઢના ધારાસભ્ય ભીખાભાઈ જોષી, પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ તેમજ બ્રહ્મ અગ્રણીઓમાં ભારત સરકારના પૂર્વ રક્ષામંત્રી હરીન પાઠક, પૂર્વ આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ , ચેરમેન મહિલા બાળ વિકાસ આયોગના જાગૃતિબેન પંડયા , પૂર્વ ધારાસભ્ય જમાલપુર ભૂષણભાઈ બટ્ટ, પૂર્વ ધારાસભ્ય ગોધરાના હરીશભાઈ ભટ્ટ તેમજ મનોજ જોશીને બ્રહ્મ કર્મ સમન્વય દ્વારા સન્માનિત કરાશે. આ પ્રસંગે બ્રહ્મ કર્મ સમન્વય ટ્રસ્ટના પ્રમુખ શૈલેષ શુકલ, મંત્રી સંજય પાઠક, તેમજ ગાંધીનગરના બ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીન રાવલ, મંત્રી નરેશ દવે, યુવા પ્રમુખ જીગર ત્રિવેદી, અશ્વિન ત્રિવેદી, (એડવોકેટ), નિશિત વ્યાસ સહિત સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજયકક્ષાના, સમસ્ત બ્રહ્મ પરિવાર, પરશુરામ ફાઉન્ડેશન, વર્લ્ડ બ્રાહ્મણ ફેડરેશન, બ્રહ્મ પડકાર, તેમજ બ્રહ્મ કર્મ સમન્વયના હોદેદારો અને સભ્યો મોટીસંખ્યામાં હાજર રહેશે.

# જૈનાચાર્યશ્રી યશોવર્મસૂરિશ્વરજી મ.સા.ની ગાંધીનગરમાં પધરામણી

ગાંધીનગર, તા. ૨

જેમના પ્રવચનોએ હજ્જારો યુવાનોના જીવન પરિવર્તન કરીને હજ્જારો ઘરમાં સ્નેહ,સંપ સાથે અનેક સંસ્કારના બીજ રોપ્યા છે.અનેક ધાર્મિક -સામાજીક અને સંસ્કૃતિના કાર્યો થયા છે. એવા મહાન શાસન પ્રભાવક પૂ. લબ્ધિ-વિક્રમ ગુરુ પટ્ટરત્ન, જ્ઞાની ગુરુ ભગવંત શ્રધ્ધેય ગુરુદેવ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય યશોવર્મસૂરિશ્વરજી મહારાજ શ્રી એ સંઘની વિનંતી સ્વીકારીને તા.૪ એપ્રિલને બુધવારના રોજ ગાંધીનગર જૈન સંઘ સેકટર-૨૨ ખાતે પધારશે તથા સવારે ૯ કલાકે પ્રવચન યોજાશે. ગુરુદેવની જ્ઞાનગર્ભિત તાત્વિક અને માર્મિક હદયસ્પર્શી પ્રવચનવાણી સાંભળવા જૈન-અજૈન તમામ નાગરીકોને પધારવા જાહેર અનુરોધ કરવામાં આવે છે.

# જિલ્લામાં ૫૮૪ તાવના દર્દી મળતાં લોહીના નમૂના લેવાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજથી વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત રાખવા માટે હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૫૮૪ તાવના શંકાસ્પદ દર્દીઓ મળી આવ્યા છે.

જિલ્લામાં આજે સર્વેલન્સ દરમ્યાન ૫૨,૮૫૯ મકાનોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨૮૧ સ્થાનો પરથી મચ્છરોના બ્રીડીંગ મળી આવતાં તંત્ર દ્વારા ત્યાં પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લામાં સતત ત્રીજા વર્ષે હાથ ધરાયેલ આ સર્વેલન્સમાં પ્રથમ દિવસે જિલ્લામાં ૨,૩૬,૧૧૯ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં હાથ ધરાયેલ આ સર્વેલન્સ એક સપ્તાહ સુધી ચાલશે. ૧૨૦૦થી વધુ કર્મચારીઓ આ સર્વેલન્સમાં જોતરાયા છે. તંત્ર દ્વારા સર્વેલન્સ દરમ્યાન સ્વચ્છતા અને મચ્છરોની ઉત્પત્તિ થતી કેવી રીતે અટકાવી શકાય તેની સરળ સમજૂતી પણ આપી જનજાગૃતિ અભિયાન ચલાવી રહ્યા છે.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ પ્રવિણભાઈ રણછોડભાઈ તુરી હતું તે બદલીને નવું નામ પ્રવિણભાઈ રણછોડભાઈ બારોટ રાખેલ છે.
પ્લોટ નં. ૫૫૫/૧,
સેક્ટર-૧૩/એ, ગાંધીનગર